ASHUTOSH®

AN ISO 9001 : 2008 CERTIFIED COMPANY

# ધન વ્યવસ્થા

DHAN VYAVASTHA

VOL. No. 8 ISSUE NO. 12-2016-17 DT. 07.04.2017 RS. 10/-

## બજેટ સ્પેશ્યલ અંક

કેન્દ્રીય અંદાજપત્ર થકી રજૂ થયેલ ફાયનાન્સ બીલ - ૨૦૧૭ સંસદમાં મુકાયેલ હતું. આ ફાયનાન્સ બીલ - ૨૦૧૭ ને સંસદની મંજૂરી મળતા તે ફાયનાન્સ એકટ - ૨૦૧૭ બનેલ છે. દરેક વર્ષની જેમ આ વર્ષે આ ફાયનાન્સ એકટ - ૨૦૧૭ ની અગત્યની જોગવાઈઓ એટલે કે ઈન્કમટેકસના કાયદામાં કરવામાં આવેલા સુધારાઓ આ અંક ના ભાગ-૧ માંરજૂ ક રેલ છે. ઈન્ક મટે કસંશ્રાયેલ અન્ય સુધારાઓ હવે પછીના ધન વ્યવસ્થાના અંક માંપ્રસિદ્ધ ક રવામાંઆવશે.

ASHUTOSH FINANCIAL SERVICES PVT. LTD.

A COMPLETE FINANCIAL SOLUTIONS ENTERPRISE

**Corporate & Correspondence Office :** Sterling Apts., Near Jubilee Baug Chowk, Jawahar Road, RAJKOT- 360 001. GUJARAT, INDIA. Phone : +91 281 222 4499, 223 6969. E-mail : info@ashutoshfinserv.com

**Ahmedabad Office :** 903-B, Synergy Tower, Corporate Road, Behind YMCA Club, Prahladnagar, AHMEDABAD-380 015. GUJARAT, INDIA. Phone : +91-79-4005 6279. E-mail : info.abad@ashutoshfinserv.com

www.ashutoshfinserv.com www.facebook.com/ashutoshfinserv

OUR DIVISIONS & SERVICES

**Ashutosh Investment Advisory**
Connecting people with Investment Opportunities
Email : relationship@ashutoshfinserv.com Mobile : +91 937 733 5959

**Ashutosh Capital Advisors**
Arranging Finance for all your needs
Email : capital@ashutoshfinserv.com Mobile : +91 960 100 6464

**Kothari & Co.**
Income Tax & Allied Laws Consultants
Email : lawserve@ashutoshfinserv.com Mobile : +91 937 696 2244

**Ashutosh NRI Services**
Taxation • Laws • Investments
Email: nris1@ashutoshfinserv.com Mobile: +91 722 884 8181

**Ashutosh Realty Services**
Real Estate Investment made simple
Email : realty@ashutoshfinserv.com Mobile : +91 972 521 9090

# બજેટ સ્પેશ્યલ - Finance Act - 2017

## (૧) નાણાંકિય વર્ષ ૨૦૧૭–૧૮ માટે આવકવેરાની મુકિત મર્યાદા તથા દર

આવકવેરાની મુકિત મર્યાદા વ્યકિત, હિન્દુ અવિભકત કુટુંબ, એસોસિએશન ઓફ પર્સન્સ તથા મહિલા કરદાતાઓ માટે આવકવેરાની મુકિત મર્યાદા રૂ. ૨,૫૦,૦૦૦, સીનીયર સીટીઝન માટે ૩,૦૦,૦૦૦ તથા સુપર સીનીયર સીટીઝન માટે ૫,૦૦,૦૦૦ યથાવત રાખવામાં આવેલ છે.
આવકવેરાના દરમાં રૂ. ૨,૫૦,૦૦૦ થી ૫,૦૦,૦૦૦ આવક વચ્ચે ૧૦% નો આવકવેરાનો દર હતો તે ઘટાડીને ૫ % કરવામાં આવેલ છે.
વ્યકિતગત, હિન્દુ અવિભકત કુટુંબ, એસોસિએશન ઓફ પર્સન્સના કિસ્સામાં ૫૦ લાખ થી વધારાની આવક પર ૧૦% સરચાર્જ અને ૧ કરોડથી વધારાની આવક પર ૧૫% સરચાર્જ લાગશે.

## (૨) કલમ 87A હેઠળ મળતા રીબેટ માં કરવામાં આવેલો ઘટાડો

પ્રવર્તમાન જોગવાઈ મુજબ કલમ 87A હેઠળ ૫,૦૦,૦૦૦ થી ઓછી આવક ધરાવતા કરદાતાના કિસ્સામાં રૂ. ૫,૦૦૦ સુધીનું ટેકસમાં રીબેટ મળવાની જોગવાઈ હતી. આ જોગવાઈમાં ઘટાડો કરી હવેથી રૂ. ૩,૫૦,૦૦૦ સુધીની આવક ધરાવતા કરદાતાને કલમ 87A હેઠળ રૂ. ૨૫૦૦ કે ૧૦૦% ટેકસમાંથી જે ઓછું હશે તે રીબેટ તરીકે મળવાપાત્ર થશે.

## (૩) ઈન્કમટેકસ રીર્ટન ફાઈલીંગ તથા પાનકાર્ડ લેવા માટે આધારકાર્ડ ફરજીયાત

૧ લી જુલાઈ ૨૦૧૭ થી અમલી બને તે રીતે હવેથી ઈન્કમટેકસ રીર્ટન ફાઈલીંગ તથા પાનકાર્ડની અરજી માટે આધારકાર્ડ ફરજીયાત બનાવવામાં આવ્યુ છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ આધાર કાર્ડ નંબર ઈન્કમટેકસમાં દર્શાવવો મરજીયાત હતો.

## (૪) મકાન–મિલ્કતની નુકસાનીની રકમ સેટ–ઓફ કરવા પર મુકવામાં આવેલ નિયંત્રણ

હાલની જોગવાઈઓ મુજબ પોતાના મકાન માટે લીધેલ લોનનું વ્યાજ રૂ. ૨,૦૦,૦૦૦ તથા ભાડે આપેલ મકાન પર લોન લીધેલ હોય તો તેના પર ચૂકવવાનું વ્યાજ કોઈપણ મર્યાદા વગર બાદ મળતું હતું જેને લીધે કરદાતાને બંને વ્યાજ મળીને મોટી રકમ બાદ મળતી હતી જેમાં હવેથી મકાન મિલ્કતની નુકસાનીનું સેટ ઓફ અન્ય આવકની સાથે રૂ. ૨,૦૦,૦૦૦ ની મર્યાદામાં જ બાદ મળી શકશે.

## (૫) અંદાજીત આવક યોજનાની ટકાવારીમાં કરવામાં આવેલો ઘટાડો

સરકાર દ્વરા ડિજિટલ ઈન્ડિયાને પ્રોત્સાહન આપવાના હેતુસર અંદાજીત આવક યોજનાની ટકાવારી ૮% થી ઘટાડીને ૬% કરવામાં આવે છે જેમાં શરતો અનુસાર કરદાતાનું ટર્નઓવર બેંકિંગ ચેનલ મારફત થયેલ હશે. તેમાં ૬% પ્રોફિટ અને રોકડમાં થયેલ હશે તેમાં ૮% પ્રોફીટ કુલ ટર્નઓવરનો દર્શાવવાનો રહેશે.

## (૬) ફરજીયાત હિસાબી ચોપડા (Books of Accounts) રાખવાની મર્યાદામાં કરવામાં આવેલ વધારો

પ્રવર્તમાન જોગવાઈઓ અનુસાર કોઈપણ વ્યકિત વ્યવસાયમાં જોડાયેલો હોય અને તેની કુલ રિસીપ્ટ રૂ. ૧,૨૦,૦૦૦ થી વધુ હોય અને ધંધાદારી વ્યકિત હોય તેનું ટર્નઓવર રૂ. ૧૦,૦૦,૦૦૦ થી વધુ હોયતો હિસાબી ચોપડાઓ રાખવા ફરજીયાત છે. આ મર્યાદામાં વધારો કરી વ્યવસાયી વ્યકિતઓ માટે કુલ રિસીપ્ટ ૨,૫૦,૦૦૦ વધારે અને ધંધાદારી વ્યકિતઓ માટે ટર્નઓવર રૂ. ૨૫,૦૦,૦૦૦ હશે તો હિસાબી ચોપડા ફરજીયાતપણે રાખવા પડશે.

## (૭) લાંબાગાળાના મૂડી નફાના સમયગાળામાં કરવામાં આવેલ ઘટાડો

પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ સ્થાવર મિલ્કતની ખરીદી કર્યા પછી ૩૬ મહીના બાદ તેનું વેચાણ કરવામાં આવે તો લાંબાગાળાનો મૂડી નફો ગણાય છે. જેમાં હવેથી કરવામાં આવેલ ફેરફાર અનુસાર લાંબાગાળાનાં મૂડીનફાનો સમયગાળો ૩૬ મહીનાથી ઘટાડીને ૨૪ મહીનાનો કરવામાં આવ્યો છે.

## (૮) અફોર્ડેબલ હાઉસીંગ ને પ્રોત્સાહન આપવાના હેતુસર નિયત હાઉસીંગ પ્રોજેકટના નફા સંબંધી ૧૦૦% કપાતના નિયમોમાં કરવામાં આવેલ ફેરફાર

કલમ80IBA હેઠળ નિયત હાઉસીંગ પ્રોજેકટમાંથી મળતો નફો ૧૦૦% કરમુકત ગણવાની જોગવાઈ છે. જેમાં હાઉસીંગ સેકટરને પ્રોત્સાહન આપવા માટે છૂટછાટો આપવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

- પાછલા બજેટમાં કરવામાં આવેલી જોગવાઈઓ મુજબ મેટ્રોસીટીની મ્યુનીસીપલ લીમીટથી ૨૫ કિ.મી.ની અંદર ૩૦ સ્કવેર મીટરની બાંધકામની મર્યાદા હતી તે દૂર કરવામા આવેલ છે.
- હાઉસીંગ પ્રોજેકટ પૂરો કરવાની મર્યાદા ૩ વર્ષની હતી તેમાં વધારો કરી ૫ વર્ષ કરવામાં આવી છે.
- રહેણાંક મકાનનું માપ હવેથી 'બીલ્ટઅપ એરીયા' ને બદલે 'કારપેટ એરીયા' થી કરવામાં આવશે.

## (૯) રૂ. ૫૦,૦૦૦ થી વધુ ભાડાની ચૂકવણી પર TDS ની કપાત કરવાની કરવામાં આવેલ જોગવાઈ

પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ કલમ 44AB ને પાત્ર કરદાતાઓએ જ TDSની કપાત કરવાની જોગવાઈ હતી તેમાં ફેરફાર કરી નવી કલમ 192IB હેઠળ રૂ. ૫૦,૦૦૦ થી વધુ માસીક ભાડાની ચૂકવણી કરવાની થતી હોય તો તેમાં ૫% લેખે TDSની કપાત કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

ઉપરોકત સંદર્ભમાં એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ ભાડાની ચૂકવણીમાંથી TDS ની કપાત કરવા માટે ટેકસ ડિડકશન એકાઉન્ટ નંબર (TAN) લેવાની જરૂરિયાત રહેશે નહી તથા નાણાંકિય વર્ષના પૂરા થતા છેલ્લા મહીનામા\TDS ની કપાત કરવાની રહેશે.

## (૧૦) તા. ૦૯-૧૧-૨૦૧૬ થી ૩૦-૧૨-૨૦૧૬ દરમ્યાન ભરેલ રોકડની ઈન્કમટેકસ રીટર્નમાં આપવાની માહિતી

આકારણીવર્ષ ૨૦૧૭-૧૮ ના ઈન્કમટેક્સરીટર્ન નનાફોર્મ ઈન્કમટેક્સડિપોર્ટમેન્ટદ્વારા બહાર પાડવામાં આવેલ છે. તેમાં કરદાતાદ્વારા ૦૯-૧૧-૨૦૧૬ થી ૩૦-૧૨-૨૦૧૬ સુધીમાં જે બેંક એકાઉન્ટમાં ઉપરોક્ત સમયગાળા દરમ્યાનરૂા. ૨,૦૦,૦૦૦ થી વધારે રોકડ ડિપોઝીટ કરેલહોય તો તેની વિગત ઈન્કમટેક્સરીટર્ન નમાંઆપવાની રહેશે. (ક્રમશઃ)

# તા. ૦૧-૦૪-૨૦૧૭ પછી રોકડમાં વ્યવહાર કરતી વખતે ધ્યાનમાં રાખવાની મર્યાદાઓ

| વ્યવહાર | કલમ | મર્યાદાઓ | પેનલ્ટી/અસર |
|---|---|---|---|
| ધંધા વ્યવસાય સંબંધિત ખર્ચની રોકડમાં ચુકવણી | 40A(3) | રૂ. ૧૦,૦૦૦ થી વધારેના કોઈપણ ખર્ચ રોકડમાં કરી શકાશે નહી (ટ્રાન્સપોર્ટરને રોકડામાં ભાડાની ચુકવણીની મર્યાદા રૂ. ૩૫,૦૦૦ યથાવત રાખવામાં આવેલ છે.) | રૂ. ૧૦,૦૦૦ થી વધારે રોકડ ખર્ચ કરેલ હશે તો તે ખર્ચ આવકમાંથી બાદ મળી શકશે નહી. |
| મિલ્કતની વાસ્તવિક કિંમત નક્કી કરવા તથા ઘસારો બાદ લેવા અંગે | 43(1) | રૂ. ૧૦,૦૦૦ થી વધારેના કિંમતની મિલ્કત રોકડેથી ખરીદી શકાશે નહી | રૂ. ૧૦,૦૦૦ થી વધારે રોકડેથી ધંધાકીય મિલ્કતની ખરીદી કરેલ હશે તો તે મિલ્કતની કિંમતમાં ઉમેરી શકાશે નહી તથા તેના પર ઘસારો બાદ મળી શકશે નહી |
| રૂ. ૨,૦૦,૦૦૦ થી વધારે રોકડા સ્વીકારવા પર મુકવામાં આવેલ પ્રતિબંધ | 269ST | આ નવી જોગવાઈ મુજબ કોઈપણ વ્યકિત (સરકારી, બેન્કિંગ, કંપનીઓ, પોસ્ટ ઓફિસ, સેવિંગ્સ બેંક અથવા કો–ઓપરેટીવ બેંકને તથા કેન્દ્ર સરકાર દ્વારા નિદિષ્ટ કરવામાં આવેલા લોકો તેઓને આ મર્યાદા લાગુ પડશે નહી.)નીચેના સંજોગોમાં રૂ. ૨,૦૦,૦૦૦ થી વધારે રોકડમાં સ્વીકારી શકશે નહી<br>(અ) એક દિવસમાં એક વ્યકિત પાસેથી બધા વ્યવહારો મળીને<br>(બ) કોઈ એક વ્યવહાર પેટે<br>(ક) એક વ્યકિત પાસેથી કોઈ એક ઘટના કે કોઈ એક પ્રસંગ સંબંધિત વ્યવહારો માટે<br>ઉપરોકત જોગવાઈના વ્યાપમાં આવતા વ્યવહારોનું ઉદાહરણ<br>(અ) એક દિવસમાં એક વ્યકિત પાસેથી બધા વ્યવહારો મળીને દા.ત. કોઈ એક વ્યકિત રૂ. ૧ લાખ અને રૂ. ૧.૨૫ લાખ એમ બે જુદા–જુદા બીલ પેટે મળીને ૨.૨૫ લાખ રોકડા સ્વીકારે છે તો આ વ્યવહાર કલમ 269ST હેઠળ ૧૦૦% પેનલ્ટીને પાત્ર થાય છે.<br>(બ) કોઈ એક વ્યવહાર પેટે કોઈ એક વ્યકિત રૂ. ૩.૧૦ લાખનું એક બીલ બનાવે અને તે પેટે જુદાં જુદાં દિવસોમાં ૧.૬ લાખ અને ૧.૫ લાખ રોકડા સ્વીકારે તો આ વ્યવહાર કલમ 269ST હેઠળ ૧૦૦% પેનલ્ટીને પાત્ર થાય.<br>(ક) કોઈ એક વ્યકિત પાસેથી કોઈ એક ઘટના કે કોઈ એક પ્રસંગ સંબંધિત વ્યવહારો માટે જો લગ્ન એક પ્રસંગ પેટે રૂ. ૨,૦૦,૦૦૦ થી વધારે રકમ કોઈપણ વ્યકિત પાસેથી સ્વીકારવામાં આવે તો આ વ્યવહાર કલમ 269ST હેઠળ ૧૦૦% પેનલ્ટીને પાત્ર થાય છે. | રૂ. ૨,૦૦,૦૦૦ કે તેથી વધારે રકમ સ્વીકારી હોય તો તેટલી રકમ પર ૧૦૦% દંડની જોગવાઈ છે. |

| વ્યવહાર | કલમ | મર્યાદાઓ | પેનલ્ટી/અસર |
|---|---|---|---|
| બેંકમાંથી રૂ. ૨,૦૦,૦૦૦થી વધારેનો રોકડમાં ઉપાડ | | તા. ૦૫–૦૪–૧૭ ના રોજ મીનીસ્ટ્રી ઓફ ફાયનાન્સ દ્વારા જાહેર કરવામાં આવેલ પ્રેસ રીલીઝ મુજબ બેંક, પોસ્ટ ઓફીસ, કો–ઓપરેટીવ બેંકમાંથી રૂ. ૨,૦૦,૦૦૦ થી વધારે રોકડા ઉપાડવામાં આવે તો કલમ 269ST મુજબ પેનલ્ટી લાગુ પડશે નહી. | પેનલ્ટી લાગુ પડશે નહી. |
| રોકડમાં લોન તથા ડિપોઝીટ સ્વીકારવા અંગે | 269SS | રૂ. ૨૦,૦૦૦ | રૂ. ૨૦,૦૦૦ ની મર્યાદાથી વધારે રકમ સ્વીકારેલ હશે તો પુરેપુરી રકમ ઉપર પેનલ્ટી ની જોગવાઈ છે. |
| લોન કે ડિપોઝીટ ની રોકડમાં ચુકવણી અંગે | 269T | રૂ. ૨૦,૦૦૦ | રૂ. ૨૦,૦૦૦ ની મર્યાદાથી વધારે રકમ ચૂકવેલ હશે તો પુરેપુરી રકમ ઉપર પેનલ્ટી ની જોગવાઈ છે. તા. ૧–૬–૨૦૧૫ અમલી બને તે રીતે કોઈપણ સ્થાવર મિલ્કતના હસ્તાંતરના સંદર્ભમાં કોઈપણ વ્યકિત પાસેથી રૂ. ૨૦,૦૦૦ થી વધારે રોકડ રકમ એડવાન્સ કે અન્ય કોઈ સ્વરૂપે સ્વીકારી શકાશે નહી. |
| હેલ્થ ઈન્સ્યોરન્સ પ્રીમીયમની ચુકવણી | 80D | રોકડમાં હેલ્થ ઈન્સ્યોરન્સ પ્રીમીયમના ચુકવણી કરી શકાતી નથી | કલમ 80D હેઠળ બાદ મળી શકશે નહી. |
| ઈન્વેસ્ટમેન્ટ લીન્કડ સ્કીમમાં મૂડીરૂપી ખર્ચ ધંધા વ્યવસાયમાં બાદ લેવા માટે | 35AD | રૂ. ૧૦,૦૦૦ | રૂ. ૧૦,૦૦૦ થી વધારે રોકડમાં ખર્ચ કરેલ હોય તો તે ખર્ચ કલમ 35AD હેઠળ મૂડીરૂપી ખર્ચ તરીકે બાદ મળી શકશે નહી |
| ચોક્કસ ફંડ તથા ચેરીટેબલ ટ્રસ્ટોને દાન | 80G | રૂ. ૨૦૦૦ | રૂ. ૨૦૦૦ થી વધારે રોકડમાં દાન ચુકવવામાં આવશે તો કલમ 80G હેઠળ બાદ મળતી કપાત મળી શકશે નહી |
| વૈજ્ઞાનિક સંશોધન અથવા રૂરલવિકાસ માટે આપેલ ફંડ | 80GGA | રૂ. ૧૦,૦૦૦ | રૂ. ૧૦,૦૦૦ થી વધારે રોકડમાં ચુકવણી કરવામાં આવે તો કલમ 80GGA હેઠળ તે ખર્ચ બાદ મળી શકશે નહી |
| રાજકીય પાર્ટીને આપેલ દાન | 80GGC | રોકડમાં દાન આપી શકાતું નથી | રોકડેથી રાજકીય પાર્ટીને દાન આપવામાં આવશે તો તે ડીડકશન તરીકે બાદ મળી શકશે નહી |

## Disclaimer

**ઉપરોકત માહિતીમાં કાયદાની સંબંધિત કલમો અને નિયમોનો દરેક માહિતીના સમર્થન માટે ઉપયોગ કરવામાં આવેલ છે છતા આ માહિતીનો ઉપયોગ કરતા પહેલા તમારા લિગલ એડવાઈઝરનો અવશ્ય સંપર્ક કરવો આ માહિતીને કારણે કોઈ વ્યકિત કે સંસ્થાને નાણાંકિય નુકસાન થશે તો તેના માટે અમો જવાબદાર નથી.**

ICICI Prudential

**Equity Income Fund**

An Open Ended Equity Scheme

ICICI PRUDENTIAL MUTUAL FUND

TARAKKI KAREIN!

# Invest in peace!

Presenting ICICI Prudential Equity Income Fund - an investment solution that aims to bring you peace of mind. The scheme proposes to invest in a mix of asset classes like Equity, Debt and Derivatives and help you achieve your financial goals.

**Key benefits:**

- Potential for growth with Equity
- Potential for stability with Debt
- Equity Fund taxation*
- Consistent cashflow with Monthly dividend + Automatic Withdrawal Plan**
- No exit load for switch to pure equity fund with redemption in **T+1** day^



## WHY CHOOSE ICICI PRUDENTIAL EQUITY INCOME FUND V/S OTHER INVESTMENT AVENUES?

| Instrument | Fixed Return Instruments (FRI) | Small Savings Schemes | Company FD | Debt Mutual Funds | ICICI Prudential Equity Income Fund |
|---|---|---|---|---|---|
| Return expectation over next 3 yrs | Fixed but relatively low | Fixed | Fixed and depends on credit risk | Close to portfolio YTM | **Better than debt funds and FRI** |
| Tax (Maturity and Income) | Taxable | Tax free | Taxable | Indexation benefit | **Tax free after 1 year** |
| Lock in Period | Fix | Fix | Fix | Flexible | **Flexible** |
| Liquidity | With penalty | No | No/Low | Yes (T+1) | **Yes (T+1)** |
| Cash flow | Quarterly Interest payouts | Monthly/Quarterly/ Yearly | Semi Annual/Annual | Flexible frequency starting daily | **Monthly/Quarterly Dividend and AWP** |
| Risk | Low | Low | Credit Risk | Depends on Fund's Duration | **Relatively Moderate** |

**Debt wala Equity Fund!**

**An equity fund powered with features of debt**

**Invest in ICICI Prudential Equity Income Fund today**

**Statutory Details:** While amount invested in traditional investment avenue has the highest safety for Principal invested, there is no assurance or guarantee of future performance of ICICI Prudential Equity Income Fund. *Returns on investment over 1 year or more is tax free. ^T+1: transaction day + 1 day. As per SEBI (Mutual Funds) Regulations,1996, redemptions can be processed within 10 business days. **Payment of dividend is subject to distributable surplus and Trustees' approval. It should be noted that pursuant to payment of dividend, the NAV of the plan or dividend option of the Scheme would fall to the extent of dividend payout and statutory levy, if any. In the rare case, the fund does not declare a dividend, you can withdraw 0.75% of your net asset value under the Automatic Withdrawal Plan. Tax on traditional investment avenue is according to highest tax slab for individuals as per Finance Bill 2016-17.

**The information contained herein is only for the reading/understanding of the registered Advisors/Distributors and should not to be circulated to investors/prospective investors.**

In preparation of the material contained in this document, ICICI Prudential Asset Management Company Limited (the AMC) has used information that is publicly available, including information developed in-house. Some of the material used in the document may have been obtained from members/persons other than the AMC and/or its affiliates and which may have been made available to the AMC and/or to its affiliates. Information gathered and material used in this document is believed to be from reliable sources. The AMC, however, does not warrant the accuracy, reasonableness and / or completeness of any information. We have included statements in this document, which contain words, or phrases such as "will", "expect", "should", "believe" and similar expressions or variations of such expressions that are "forward looking statements". Actual results may differ materially from those suggested by the forward looking statements due to risk or uncertainties associated with our expectations with respect to, but not limited to, exposure to market risks, general economic and political conditions in India and other countries globally, which have an impact on our services and / or investments, the monetary and interest policies of India, inflation, deflation, unanticipated turbulence in interest rates, foreign exchange rates, equity prices or other rates or prices etc. The AMC (including its affiliates), the Mutual Fund, the trust and any of its officers, directors, personnel and employees, shall not be liable for any loss, damage of any nature, including but not limited to direct, indirect, punitive, special, exemplary, consequential, as also any loss of profit in any way arising from the use of this material in any manner. The recipient alone shall be fully responsible/are liable for any decision taken on this material. All figures and other data given in this document are dated and the same may or may not be relevant in future. Investors are advised to consult their own legal, tax and financial advisors to determine possible tax, legal and other financial implication or consequence of subscribing to the units of ICICI Prudential Mutual Fund. The sector(s)/stock(s) mentioned in this presentation do not constitute any recommendation of the same and ICICI Prudential Mutual Fund may or may not have any future position in these sector(s)/stock(s). Past performance may or may not be sustained in the future. The portfolio of the scheme is subject to changes within the provisions of the Scheme Information document of the scheme. Please refer to the SID for investment pattern, strategy and risk factors.

**Mutual Fund investments are subject to market risks, read all scheme related documents carefully.**

DISCLAIMER : This publication has been prepared by ASHUTOSH FINANCIAL SERVICES PVT. LTD. While reasonable care has been taken in its preparation, this publication does not purport to be a complete description of the securities, markets or developments referred to herein and ASHUTOSH FINANCIAL SERVICES PVT. LTD. does not warrant its accuracy or completeness. This publication is not an offer or solicitation of an offer to buy or sell any security or investments mentioned herein. Please read the offer documents carefully before investing.

**To**

Registered with Registrar of Newspapers for India Regi. No. GUJGUJ/2009/36607

Postal Regn. No. RAJKOT/600/2014-2016, office of posting RMS, Rajkot on 10th of every month Valid up to 31-12-2016

Printed by : Shri Rajen Umarshibhai Shah, Published by : Shri Daxesh Dinesh Kothari, Owned by : Shri Daxesh Dinesh Kothari and Printed at : Shrenik Printers, 134-Udhyog Nagar Colony, Opp. Krishna Steel, Lohanagar Main Road, Off. Gondal Road, Rajkot-360002. Gujarat- India and Published at : ASHUTOSH FINANCIAL SERVICES PVT. LTD., Sterling Apts., Near Jubilee Baug Chowk, Jawahar Road, Rajkot 360001. Gujarat-India. Editor : Shri Daxesh Dinesh Kothari.